Day & Date	Part	Subject Name	Time	Code	Marks
Monday 21/05/2018	**I (Fresh/ Repeater)**	**Gujarati – Vivachana Abhigamo**	**11.00 AM To 02.00 PM**	**202008**	**100**
Introduction: All questions are compulsory.					

પ્ર.૧ વિવેચનની વિભાવના સ્પષ્ટ કરી સાહિત્યમાં વિવેચનની મહત્તા સ્પષ્ટ કરો. **૨૦**

અથવા

"વિવેચક કલાકૃતિના ઘટક અંશોના પરસ્પરના વિનિયોગનું ઔચિત્ય તપાસે છે." - વિધાન સ્પષ્ટ કરી વિવેચકના કર્તવ્યનો પરિચય કરાવો.

પ્ર.૨ "કલાનો સમાજ સાથેનો અનુબંધ મહત્ત્વનો છે. એ મતલબની પ્રતીતિ સમાજશાસ્ત્રીય વિવેચનાના પાયામાં રહેલી છે." - વિધાનની ચર્ચા કરો. **૧૨**

પ્ર.૩ મનોવૈજ્ઞાનિક અભિગમથી કૃતિની સમીક્ષા કરતી વખતે કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખવામાં આવે છે તે સ્પષ્ટ કરો. **૧૩**

પ્ર.૪ "'ગર્ભગાથા' વાર્તાસંગ્રહની વાર્તાઓનાં મુખ્ય સ્ત્રી પાત્રો સામાજિક ભેદભાવનું લક્ષ્ય બનતાં કરુણ-દારુણ દશાને પામે છે." - વિધાન સોદાહરણ ચર્ચો. **૨૦**

અથવા

ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)

અ) 'ગર્ભગાથા' વાર્તામાં પ્રયોજિત ટેકનિકની સાર્થકતા

બ) 'સાતમો મહિનો' વાર્તાની સમીક્ષા

ક) 'માટીના પગ' વાર્તાનો કટાક્ષ

પ્ર.૫ "'પેરેલિસિસ' માં નાયક આરામ શાહની મનઃસ્થિતિની ગતિવિધિનું આલેખન સુપેરે થયેલું જોવા મળે છે." - વિધાન ઉદાહરણો આપી સમજાવો. **૨૦**

અથવા

ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)

અ) 'પેરેલિસિસ' લઘુનવલમાં વાતાવરણ

બ) 'પેરેલિસિસ' લઘુનવલનું ગદ્ય

ક) 'પેરેલિસિસ' લઘુનવલના શીર્ષકની યથાર્થતા

પ્ર.૬ વિવેચનાત્મક ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) **૧૫**

૧. વિવેચકની સજ્જતા

૨. 'પ્રલય' વાર્તાની સમીક્ષા

૩. 'પેરેલિસિસ' લઘુનવલની વસ્તુસંકલના